# પૃથ્વીરાજ ચૌહાણનો વેશ

'બે ટિકિટ ઊંચા માઈલી, બીજા ખેલની.'

'પૃથ્વીરાજ ચૌહાણની?' મેંદી રંગેલા વાળવાળા ખખડી ગયેલા ટિકિટમાસ્તરે પૂછ્યું.

'આમ કાં પૂછવું પડે છે? કેમ, કોઈ બીજો ખેલ પડ્યો છે?'

'ના, ના.' ટિકિટમાસ્તર બોલ્યા, 'આજ છે તો 'પૃથ્વીરાજ ચૌહાણ' જ, પણ બે દી ખોભરી જાઓ તો 'સતી મદાલસા' લાગશે.'

ટિકિટ આપનાર ડોસો તો રંગેલી મુછાળો, પણ ટિકિટ માગનારો પણ કોઈ કાળિયો જૂના જમાનાનો મુછ્છડ હતો. રાતી આંખવાળો. રાતી એટલે? રોજેરોજ નાટકો જોવાના ઉજાગરે રાતી થઈ ગઈ હોય એવી રાતી, પણ અત્યારે એ કાળો માણસ લાલપીળો થયો. સહેજ તપીને બોલ્યો : 'તમે તો કેવા ટિકિટમાસ્તર છો, બાપા! હું 'પૃથ્વીરાજ ચૌહાણ'ની માગું છું તોય તમે 'સતી મદાલસા' મને ચીંધો છો!'

'મારી ફરજ!'

'અરે! શેની ફરજ?' એ બોલ્યો : 'તમને ખબર નહીં હોય, પચ્ચી વર્ષ પહેલાં આ જ કંપનીમાં મેં ડાંગવાડી મુંબઈમાં આ જ નાટક જોયેલો, આઠ વાર જોયેલો. ને છતાંય ધરવ નહોતો થતો તે છેવટે વડિયા દેવળી કંપની ગઈ એવો જ ત્યાં જઈને જોઈ આવેલ. ત્યાં ત્રણ-ત્રણ વાર જોયેલ. હવે આ જ કંપની ગામમાં આવી છે તે મારાથી જોયા વગર રહેવાય? બોલો.'

'વા વા, વા વા,' ટિકિટમાસ્તર બોલ્યા, 'તમારા જેવા પેટ્રન ઉપર તો કંપની નભે છે. બાકી હવે એક એકથી ચડે એવા સિનેમા આવ્યા છે એટલે જૂની નાટકકંપનીઓનાં પાટિયાં ઊતરવા માંડ્યાં છે...' પછી પૂછ્યું, 'લાવો, બે ફાડુંને?'

પણ ખરીદદાર હજુ પોતાના જ ગુલતાનમાં હતો. પચાસની નોટ કાઢીને બારીના બાકોરામાંથી અંદર સરકાવી. કહ્યું, 'તમે માનશો વડીલ! લોકો કોની પાછળ ગાંડા થયેલા?'

'કોની પાછળ?'

'પૃથ્વીરાજ ચૌહાણનો પાઠ લેનાર મકન મહારથીની ઍક્ટિંગ ઉપર. અરે! લથબથ સંયુક્તાને જોવી મૂક પડતી ને થોભિયાવાળા પૃથ્વીરાજને જ જોયા કરે. એની જ ડાયલૉગબાજી ઉપર **તાળીઓ** પાડે. અરે! મકન મહારથી જેવો નટ તો થાવો નથી.'

'લ્યો' ટિકિટમાસ્તરે હાથમાં લેતાંવેંત ચોળાઈ જાય એવા લાલ ચુથ્થા કાગળની બનેલી બે ટિકિટો એને પકડાવી. પછી કહ્યું, 'તમે કહો તો ટિકિટ પાછી લઈ લઉં હોં! પૈસા પાછા આપી દઉં. મારી ના નથી.'

ટિકિટવાંછું આંચકો ખાઈ ગયો. 'એમ કાં બોલો?' પછી બારીની જાળીમાંથી ઘુરકાટ કરીને કહે, 'મેં પૈસા પાછા માગ્યા?'

'નથી માગ્યા,' ટિકિટમાસ્તર બોલ્યા, 'પણ મારી કહેવાની ફરજ.'

'અરે! કંપનીને થતો વકરો ટાળવાની તમારી ફરજ!? કંપનીનું લૂણ ખાઈને? એના જ નોકરિયાત થઈને! અરે! કાકા, કંપનીના માલેકને ખબર પડશે તો તમને આ ઘરડે ઘડપણ ગડગડિયું પકડાવી દેશે! આ તો ગદ્દારી કહેવાય, એટલું તો સમજો!'

'અરે! એ શું ગડગડિયું પકડાવતો'તો!' ટિકિટમાસ્તર બેફિકરાઈથી મૂછે હાથ દઈને બોલ્યો. એ તો સ્ટેજ પર તલવારું તાણે એટલું જ. ઠીક છે મારા ભાઈ, ચાલે. મકન મહારથીનો દીકરો છે. એના બાપે પોતાના દીકરા તરીકે મારી મારીને શિખવાડ્યું હોય એટલે બીજી કંપનીઓના એના જેવજેવડા ઍક્ટરો કરતાં ઘણું સારું કરે. પણ તમે હમણાં કહ્યું એમ...' પછી કહે, 'એટલે જ ટિકિટના પૈસા પાછા આપવાનું મેં તમને કહ્યુંને!'

'મકન મહારથી જેવું તો ન જ કરી શકે, એ તો હું સમજું, પણ તમે ટિકિટના પૈસા આપવાનું વારે ઘડીએ કેમ કહ્યા કરો છો?'

'કારણ કે હવે મકન મહારથી એમાં પૃથ્વીરાજના પાઠમાં નથી. એનો છોકરો ચિમન તાત્યા એ પાઠ લ્યે છે. હવે તમે જૂના જમાનાની જેમ એમાં મકન મહારથી હશે એમ સમજીને જાઓ તો પૈસા પડી ગયા જેવું લાગેને? એટલે જ.' એણે ભાર દઈને કહ્યું, 'એટલે જ કહેવાની મારી ફરજ ને એય કહેવાની મારી ફરજ કે મકન મહારથીને તમારે જોવા હોય તો બે દહાડા ખોભરી જાઓ. મદાલસામાં બુઢ્ઢા ધુતારાના રોલમાં એ દેખાશે. અફલાતૂન

કામ કરે છે. તમે બે ઘડી પ્રાણને બી ભૂલી જાઓ.'

'બરાડની **બિઝનેસ** ટૂરમાં જવાનો છું. બે દા'ડામાં તો નહીં અવાય.' ટિકિટ લેનાર ટાલિયાએ માથે હાથ ફેરવ્યો. પૃથ્વીરાજ ચૌહાણના જુવાનજોધ પાઠમાં અનેક વાર એને જોયા પછી ધુતારાના પાઠમાં મકન મહારથીને જોઈને બાપા, અમારો તો નશો જ ઊતરી જાય.'

'પણ તો પછી પૃથ્વીરાજ ચૌહાણમાં તો મકન મહારથીને નહીં જુઓ તો તો તમારું શું થાશે હેં? દઉં ટિકિટના પૈસા પાછા? હેં?'

ટિકિટ લેનારના મનમાં એક વાત પર કાંટો પાકે પાયે સેટ થઈ ગયો. આ ટિકિટમાસ્તર નક્કી અધગાંડો છે ને કાં આ કંપનીના માલેકનો ગયા ભવનો વેરી. નક્કી કોઈ કરમસંજોગે જ આવા ઘરના ઘાતકી નોકર કંપનીને ભટકાય. માલેકને કો'કે ચેતવવો જોઈએ.

ત્યાં થોડે દૂર ગયા પછીય કોઈક બીજા સાફાવાળા દરબાર સાથે ટિકિટમાસ્તરની ભેજામારી સંભળાઈ. 'ટિકિટ લેવી હોય તો લ્યો દરબાર, મારી ના નથી, પણ એક વાત પહેલાં સમજી લો, પછી ટિકિટ ફડાવજો.'

'શું?'

'કે હવે મકન મહારથી પૃથ્વીરાજ ચૌહાણનો પાઠ આમાં ભજવે એ જમાના વયા ગયા. હવે મકન મહારથી એમાં હશે એમ સમજીને ટિકિટ ફડાવતા હો તો... ના ના, એનો છોકરો ચિમન તાત્યા આમ કામ તો ધોરણસર જ કરે છે પણ દરબાર, હજુય કહું છું કે મકન મહારથીના વરાંહે જતા હો તો...'

પહેલી ટિકિટ લેનારનું ભેજું ફાટફાટ થઈ ગયું. આનો આ ટિકિટમાસ્તર જો ટિકિટબારી ઉપર વધુ વખત બેસશે તો કંપનીનું કાલે ડૂબનારું વહાણ આજ ને આજ ડૂબશે. માલેકને હાથમાં રામપાતર લઈને સડકને કિનારે ભીખ માગવાનો વારો આવશે.

એ આગળ નીકળી ગયો. લારી પર જઈને એક આખી ચડિયાતી ખાંડવાળી ચા ચડાવી. 'આપણે શું? આપણે શું?'ની એની માનસિકતાની ઉપર હવે 'માલેકને ચેતવવો જોઈએ. એને બિચારાને ખબર જ નહીં હોય કે ટિકિટબારી કેમ મોળી જાય છે?' આ પણ એક પરોપકારનું કામ છે; એવી માનસિકતાએ જોર પકડ્યું.

પછી બીડી સળગાવી, બે-ચાર જોરદાર સટ મારીને બીજા માઈલી વૃત્તિને વધુ દૃઢ કરી પછી બીડીને ભોંય પર ફેંકીને જોડા નીચે જોર જોરથી કચરી

નાખી. જાણે કે દાઝ કાઢી.

ત્યાં વળી કોઈ ત્રીજા માણસ જોડેનો ટિકિટમાસ્તરનો ડાયલૉગ સંભળાયો, ‘હું શું કહું છું? તમે બે જ શું કરવા? આખું ઘર ‘પૃથ્વીરાજ ચૌહાણ’ જોવા પધારો, પણ પૃથ્વીરાજનું પાત્ર મકન મહારથી ભજવે છે એમ સમજીને આવતા હો તો ટિકિટ ના ફડાવજો.’

થઈ રહ્યું. પહેલા નંબરનો ટિકિટ લેનાર ધમધમાટ કંપનીનો દરવાજો ખોલીને અંદર ગયો. ચોકીદારને પૂછ્યું, ‘ક્યાં છે તમારા શેઠ?’

‘કોણ ચમન તાત્યા?’

‘તે બીજો કોઈ શેઠ છે?’ આણે જરા ચિડાઈને પૂછ્યું, ‘હાલ પૃથ્વીરાજનો પાઠ લ્યે છે એ જ શેઠ છે ને? મતલબ ચમન તાત્યો!’

ત્યાં શેઠ જ બહાર આવ્યો. એમ લાગતું હતું કે સીધો મેકઅપ રૂમમાંથી આ બોલાશ સાંભળીને બહાર નીકળ્યો હતો. પૃથ્વીરાજનો વેશ પહેર્યો હતો, પણ હતો મૂછમૂંડો. ધડ પૃથ્વીરાજનું, પણ માથું મિસફિટ. કોમળ કૉલેજિયન જેવું.

‘શું છે?’

‘કાંઈ નથી.’ ચોકીદાર બોલ્યો, આ ભાઈ પૂછે છે કે તમે જ છો શેઠ?’

‘તે છું જ ને!’

હવે પહેલી ટિકિટ લેનારનો બોલવાનો વારો આવ્યો. બોલ્યો : ‘શેઠ, તમારે કંપની ચલાવવી હોય તો આ ટિકિટમાસ્તરને કાઢો. દેવાળું કઢાવશે તમને. સૌને ટિકિટ ના લેવા સમજાવે છે. મારે તો હિંગ કે ફટકડી! આ તો ના રહેવાયું એટલે ચેતવવા આવ્યો છું.’

શેઠે નીચે નજર ઢાળી દીધી.

પેલાએ આગળ ચલાવ્યું, એ ડોસા સૌને કહે છે કે નાટકમાં મકન મહારથી નથી, એટલે એ છે એમ સમજીને ટિકિટ લેતા હો તો ના લેજો.’ પછી એક પળ અટકીને વળી પૂછ્યું, ‘આવું બોલાતું હશે? મકન મહારથી તમારા પિતાશ્રી છે ને તમે એમની પાસેથી શીખ્યા હશો એ બી સાચું, પણ ના, ના, હું કહું છું, એને કહેનારા કોઈ નથી? તમારા બાપાના વખતનો કંપનીનો માણસ હોય તો તમારા બાપાને કહો કે એને એક ધોલ ઠોકીને કહે કે બેવકૂફ, મારા છોકરાના પેટ પર પાટુ મારવાનો કારસો કરે છે? ખબરદાર!’

પછી થયું કે આ તો આપણે વગર અધિકારે બોલ્યા એ વાજબી નહીં, એટલે બે વેણ ઉમેર્યાં : 'માફ કરજો હોં, મારે કાંઈ લેવાદેવા નથી છતાં કહું છું. મને એના ઉપર દાઝ ચડી એટલે તમારા સુધી વાત પહોંચાડી. નહીંતર મારે શું?'

એક મોટો નિઃશ્વાસ, કલાક પછી થનાર પૃથ્વીરાજ ચૌહાણે નાખ્યો. કહ્યું, 'તમારી વાત વાજબી છે, મે'રબાન, જે ટિકિટમાસ્તર પર તમને દાઝ ચડે છે એ બીજું કોઈ નહીં, ખુદ મારો બાપ મકન મહારથી છે. આજે એમને લાયક કોઈ પાઠ નથી એટલે અમે એમને ટિકિટબારી ઉપર બેસાડ્યા છે. બાકી એમની ઉંમર થઈ, હવે હું તો હજુ પૃથ્વીરાજ ચૌહાણનો વેશ લઉં છું પણ...'

એણે દરવાજા ભણી દૃષ્ટિ કરી, 'હજુ મારા બાપા એ વેશ ઉતારી શક્યા નથી.' પછી બોલ્યો, 'ટિકિટના કાવડિયા પાછા દઉં?'

■

# પચાસ વર્ષ પહેલાંનું ભૂત!

'તમે ગીતા પ્રેસ, ગોરખપુરની ધાર્મિક ચોપડીઓ અને ગુટકાઓ ભુખાળવી ગાયની જેમ ચાવી જાઓ છો, ને આજે તો શું આ બાણું વર્ષની ઉંમરે 'રૂપેરી ગગન' જેવા નરાતાર ફિલ્મી મૅગેઝિનનો નવો અંક તમને જ્યાંથી મળે ત્યાંથી વહોરવા નીકળ્યા છો! તમને થયું છે શું?'

'તારે શું કામ છે ગગા? તને એક એક અંકની ડબલ કિંમત આપવા તૈયાર છું. પછી શેનો પૂછગંધો લે છો!'

મારો અણિયાળો ભાલા જેવો સવાલ છતાં રિટાયર્ડ જમાદાર મોજીલાલ ના તપ્યા તે ના જ તપ્યા. ખરું કે'વાય! આડત્રીસ વર્ષ પહેલાં રજવાડામાં જમાદાર તરીકે એમની રાડ બોલતી, તે વખતનો એમનો મિજાજ રાખમાં તગતગતા અંગારાની જેમ હજીયે ક્યારેક દેખા દે. ક્યારેક ન બી દે. ને જીભે લોચા વળે તો નસકોરાંમાંથી ફુત્કાર કરે. બોખા મોંની ડાબલીના હોઠ થરથર ધ્રૂજે. નજરની ધાગધાગા ગરમીથી ચશ્માં સ્વયંભૂ હેઠે પડી જાય (એવું આપણને લાગે, બાકી એવું કાંઈ બને થોડું? સાયન્સ ના પાડે છે). જરાવસ્થાના અસ્થિસંકોચનને કારણે છ ફૂટમાંથી પાંચ ફૂટ પર આવી ગયેલી એમની હાઇટ, પાછી ભખ્ખ દઈને સવા છ ફૂટની થઈ ગઈ હોય એવું ભાસે એવો એમનો પ્રકોપ કઈ ઘડીએ ફાટી નીકળે એ કાંઈ નક્કી નહીં.

ને તેમ છતાં મેં અવિચારી છોકરે આવો ટોણો માર્યો? છતાંય મોજીબાપા નરમઘેંશ થઈને બોલ્યા, 'રૂપેરી ગગન'માં બી વાંચવા જેવું ધાર્મિક આવે છે એમ મારા લીલાધરનો ટીનકો કે'તો તો!'

'આલ્લે લે...' ફરી હું અવિચારીપણે બોલ્યો, 'બાવીસ વર્ષનો ટીનકો તમને બાણું વર્ષના દાદાને ભાઠે ભરાવે છે, મોજીઅદા! 'રૂપેરી ગગન'માં તો નટનટીઓના ઉઘાડા ફોટા અને એમના આડાઅવળા હાલવાની વાતું આવે છે. અરે! કોઈ કોઈ નટિયુંના ફોટા તો એવા કે ઇન્દ્રરાજાની મેનકા એની આગળ દાસી લાગે ને વિશ્વામિત્ર વાજબી લાગે, બચાડો.'

'મારે છોકરા, સમજ્ય, જરા સમજ્ય.' એમણે મને કહ્યું, 'ધાર્મિક કથાઓને 'રૂપેરી ગગન'ની અંદર છપાતી હોય એમ વાંચવી છે. વિશ્વામિત્ર-મેનકાની વાત ધાર્મિક છે.'

'ને તમારે વળી ખરેખરા 'રૂપેરી ગગન'માંથી ધાર્મિક વાંચન વાંચવું છે! અદા, પણ એ સારું નથી. આપણા ક્રૉસ રોડ છે. જોઈતા હોય તો તમને હું 'ગીતા સંદેશ', 'જનકલ્યાણ', 'કલ્યાણ', 'તત્ત્વચિંતન'ને એવા બધા અંકો જથ્થેબંધ લાવી આપું, પણ તમે આ ફિલ્મી મૅગેઝિન 'રૂપેરી ગગન'ના રવાડે ના ચડો. મતિ ભ્રષ્ટ થઈ જાશે, ધોળામાં ધૂળ પડશે.'

ડોસા ઓટલે થાક ખાવા બેઠા, ત્યારે મને એમની વળી ગયેલી ખૂંધની દયા આવી. આ જ મોજીલાલ જમાદાર સીનો ટટ્ટાર રાખીને ચાલતો ને મૂછોના કાકડા રાખતો. નજર બી મેલી હતી એમ અમારા ગળઢા કહેતા. હવે તો ચોવીસેય કલાક માળા કરે છે. હનુમાનચાલીસા દહાડામાં બે વાર, ને મંદિરે ડગુમગુ દર્શન નિત પ્રભાતે! આમાં વળી 'રૂપેરી ગગન' જેવા ફિલ્મી છાપાના ચરસુડિયા આ બાપા ક્યારથી થયા? પૂછું છું તો જવાબ આપતા નથી.

'કે'છે એમાં સુભાષિત બહુ સારાં આવે છે.' બાપા મારી પૃચ્છાના જવાબમાં ખુલાસે બોલ્યા, 'આપણે થોડા બાયુંના ફોટા જોવા હોય?'

'અરે! પણ 'રૂપેરી ગગન'માં...' આટલું બોલ્યા પછી આપણે તીરને કમાનમાંથી પાછું ઉતારી લીધું. મોજીઅદાને કાંઈ પણ કહેવું હવે બેકાર હતું. જેને પાને પાને 'કુ-ભાષિત' છપાયેલી હોય, ને એની લીટીએ લીટીએ ભૂંડાબોલી ચોપડીઓને સારી કહેવડાવે તેવી હોય!

'તારી પાસે એક-બે અંકો, હમણાંની વારીના હોય તો આપને!'

'લગભગ તો હું નથી વાંચતો, પણ આપણા ગામનો સુભાષ મુન્સફ ફિલ્મલાઇનમાં ગયો છે. એના ઇન્ટરવ્યૂ એકાદ-બે વાર એમાં આવેલા, ને ટંગડી જેવા પાટલૂન ને ઊંધા તપેલા જેવી હૅટવાળા ફોટા મહીં આપેલા ત્યારે મેં અંક લીધેલા. બિચારી ઇન્ટરવ્યૂ લેનારી છોકરીને એ થોડી ખબર હોય કે સુભાષનો દાદો કહેવાતો પત્રકાર પણ હકીકતે મોટો બ્લૅકમેલર હતો! સુભાષનો બાપ પણ એવા ધંધે ચડેલો, પણ ધરતીકંપમાં ચેપાઈ ગયો, ગામની પનોતી ગઈ.'

'અરે! એનું નામ લઈશ મા!' ડોસા ઓટલે બેસીને રસ્તા ભણી જોતા હતા તેને બદલે સમૂળગા બેઠાં બેઠાં જ ચક્કર ફરીને મારા ભણી મોં કર્યું. બોલ્યા : 'ઇ પાપિયાને યાદ કરવાનું તને કોણ કે' છે, ડાઈના!' ખરેખર ચશ્મો હેઠે પડી જાય એવા ભડકા આંખોમાં : 'તારી પાસે 'રૂપેરી ગગન'ના અંકો હોય તો આપને હોય એટલા! આમાં ને આમાં જ તું આગળ નથી વધી

શકતો ને માસ્તરનો માસ્તર રહ્યો, પેલા નીચ હરામીનો પોતરો મુંબઈ જઈને ઈસ્ટાર થઈ ગયો ને તું હજીય બ્લૅકબોર્ડ ચીતર્યા કર છ!'

બોલતાં બોલતાં પછી વળી શું થયું? મારો રામ જાણે! એકાએક ઊડી ગયેલા બલ્બની જેમ ઠરી ગયા. વઢવાનુંય મૂક પડતું ને કહે, 'રૂપેરી ગગન'ના અંકોનું શું તારે શાક કરવું છે? બટા, હોય એટલા આપને!'

'એક છે, પણ મારે વાંચ્યા વગરનો છે!'

'તો તો સંધું સારું.' બાપા એકદમ બોલ્યા. ને પછી એવી રીતે એકદમ બોલાઈ ગયું એ કદાચ એમને ખુદને ઠીક નહીં લાગ્યું. એટલે સુધાર્યું : 'મતલબ, મને તાજેતાજો વાંચવા મળેને!'

આવો ભક્તિમાર્ગે ચડેલો જીવ, ભૂતકાળમાં ભલેને મેલી મથરાવટીવાળો હોય, પણ અત્યારે એને એમાં સુભાષિતો છાપેલાં છે એમ ખોટી છાપમાં રહેવા દેવા મારે માટે વાજબી નહીં, ને! 'રૂપેરી ગગન'ના નટીઓના ઉઘાડા ફોટાવાળા અંક એમને આપવા એ વાત આપણા આત્માને તો ડંખે જ વળી, પણ શું કરીએ? આદુ ખાઈને પાછળ પડી ગયા હતા, તે દીધો છેવટ!

અંક હાથમાં આવતાં જ બાપા સડપ દઈને સાબદા થયા. લાકડી સંભાળી ને કોઈનાય ટેકા વગર ઠેકડા જેવું મારીને ઓટલા નીચે ઊતર્યા. મારો આભાર માનવાય ના ઊભા રહ્યા, ને ચાલતા થયા.

ગામમાં ધર્મધજા ટ્રસ્ટવાળા ગામને ચોરે બેસીને સૌને મફત સચિત્ર ભાગવત આપતા હતા તે લેવાય બાપા આટલી સ્પીડથી દોડ્યા નહોતા, ને આ 'રૂપેરી ગગન' નામના ફિલ્મી અંક માટે આટલી લગની! બાણુંની ઉંમરે!

હશે ત્યારે.

■■■

'તેં ઓળખીતો થઈને દુશ્મનનું કામ કર્યુંને!'

મોજીલાલ જમાદારનો વાતેવાતે તપી જવાનો વારસો એના છોકરે લીલાધરે જાળવ્યો લાગે છે. એનાય છોકરા ટીનિયાની ખબર નથી, લીલુ સાઠને વટી ગયો તોય મારા જેવા જૂના દોસ્તાર ઉપર વઢ ખાતાં એને શરમ નથી.

'ફરી બોલ તો!'

'મારા ડોસાને 'રૂપેરી ગગન'નો અંક તેં જ આપેલોને!'

'હા, આપ્યો'તો.' મેં કહ્યું : 'શું ગુનેગારી કરી? માગી માગીને મારો જીવ ખાઈ ગયા એટલે છાલ છોડાવવા આપ્યો. એમાં શું ખોટું કર્યું?

'એમ? એમ?' લીલુ માનવા તૈયાર નહીં. બોલ્યો : 'આ ઉંમરે મારો બાપો રામાયણ, મહાભારત માગે કે 'રૂપેરી ગગન'? કોને બનાવે છે?'

'અરે! પૂછને તારા બાપાને!' મારેય જરા તપારો બતાવવો પડ્યો : 'એમને એમાંથી સુભાષિત વાંચવાં'તાં.' મારે બાતમી પણ આપવી પડી : 'મારી એકલાની પાસે નહીં, ગામમાં જ્યાં હોય ત્યાંથી માગતા હતા!

'એંહ, સુભાષિત!' લીલુએ કટાક્ષનો લટકો કર્યો. 'તને ખબર છે કે એમાં શું હતું?'

'શું હતું?'

'અરે! આપણા ગામના ફિલ્મસ્ટાર સુભાષ મુન્સફની જીવનકથાનાં પ્રકરણ છપાય છે.'

'મને ખબર છે.'

'અરે! પણ સાંભળ તો ખરો!' એ ધીરો અવાજ કરીને બોલ્યો, 'એમાં આ વખતે સુભાષના દાદા પત્રકાર તરીકે જે ચોપાનિયું એ જમાનામાં બહાર પાડતા એનું એક આખું પાનું મોટી સાઇઝમાં સ્કેન કરીને જેમનું તેમ છાપ્યું છે.' પછી બોલ્યો, 'નીચે લખ્યું છે – સુભાષજીના દાદા નિર્ભીક પત્રકાર હતા એનો આ નમૂનો.'

'તે છાપે!' મેં કહ્યું, 'તે નમૂના લેખે છાપે જ ને! એમાં કાંઈ વાંધો?'

'અરે! શું છાપે! એમાં મારા ડોસાને ગામની એક ઉતાર બાઈ સાથે એ જમાનામાં રિલેશન હતા. એની ડીટેલ ટુ ડીટેલ વાત એ કટિંગમાં બાપાના અને બાઈના બેયનાં નામ સાથે છાપી છે. ભલે, બ્લૅકમેલિંગ કરવા સારુ એ વખતે એ નાલાયકે છાપી હશે. બાઈ તો હવે ઉપર વઈ ગઈ, પણ બાપા તો હજી બેઠા છેને! બાપાને કોઈ એના જૂના ભાઈબંધે વલસાડથી ફોન પર આ માઠા સમાચાર આપ્યા કે તરત જ એ ઘરની બહાર નીકળી ગયા. એ વખતે મને ખબર નહીં કે એ શું કરવા બપોરના ટાણે ઘરની બહાર નીકળ્યા, પણ હવે સમજાયું. તારી પાસેથી અંક લઈ આવ્યા પછી આજે સવારે કાળો કકળાટ કરતા હતા કે અરેરે, પચાસ વર્ષ પહેલાંનું દટાઈ ગયેલું ભૂત આજે કયા કાળમુખાએ બહાર કાઢ્યું? બાણું વર્ષે મારા કપાળે આ કાળી ટીલી?

હાય હાય, હજુ ગામમાં કોની કોની પાસે આ ‘રૂપેરી ગગન’ આવતું હશે, તપાસ કર લીલુડા, ને હોય ત્યાંથી વંચાયા પહેલાં હાથ કરી લે, નહીં તો મારે મરવા જેવું થશે, હાય હાય.’

એ જ વખતે સામે અમદાવાદથી આવતી એસ.ટી. બસ ઊભી રહી. મારા નાના ભાઈ મધુડાએ ઊતરતાંવેંત હાથમાંનો થપ્પો ઊંચો કર્યો, ‘મોટા ભાઈ, ‘રૂપેરી ગગન’ની વીસ કૉપી ગામમાં વહેંચવા સારુ લાવ્યો છું. તમે વાંચ્યું? આપણા ગામના ફિલ્મસ્ટાર સુભાષ મુન્સફની લાઇફસ્ટોરીમાં આ વખતે એના પત્રકાર ફાધરનાં વખાણ આવ્યાં છે. સુભાષે કેવાર્યું છે કે ગામના હરેક મોટા માણસને ઘેર એક એક નકલ પહોંચાડવાની છે!’

લીલાધરે દાંત કચકચાવીને એના તરફ આગઝરતી નજર નાખી.

■

# ઘરનાં ધિંગાણાં, બાપ, કેવાં?

'લોકો શા માટે આવું કરતા હશે? તે મને સમજાતું નથી. આવું બોલે ને ક્યારેક આવું પણ બોલે, 'લોકોને વગરવિચાર્યે વિરોધ કરવાની ટેવ છે. હું એમ બોલું કે હમારા હક લેકે રહેંગે.'

ત્યારે સામું બોલે, 'જોયો હવે મોટો હક અપાવવાવાળો!'

જુવાનસિંહ લશ્કરીની આ ફરિયાદમાં વજૂદ છે. લશ્કરમાંથી રિટાયર્ડ થયા પછી મોડે મોડે બાસઠ વર્ષની ઉંમરે જિલ્લાની નેતાગીરી સંભાળી.

'ખોટું કર્યું? સાચું ભણજો ઠકરાણાં.'

મિસિસ લશ્કરી અંબોડેદાર માથું ઝટકાવીને બોલ્યાં, 'ના ઠાકોર, ના, પણ તમે એમ અકળાઈ શું કામ જાઓ છો?'

'અકળાવાની વાત નથી, પણ એ એક જ બાઈ, જ્યાં ત્યાં ભાષણમાં દેખા દ્યે. ને હું કાંઈ બોલું એટલે શું કરે? કાં તો મોટા ખિખિયાટા કરે, કાં તો 'જોયાં હવે?' બોલે, કાં મારી સામે તુચ્છકારથી હાથ લાંબા-ટૂંકા કરે, ઠકરાણાં, તમે તો મારાં પ્રવચનોમાં આવતાં નથી એટલે તમને ખબર નથી, પણ મલાજા-ફલાજા તોડીને એક વાર આવો ને પંડ્યે જુઓ.'

'મેં તમારાં ભાષણો ટેપમાં સાંભળેલાં છે. ટી. વી. પર પણ સોત જોયાં છે.'

'પણ એમાં આવડી આ જોગમાયાના ઉધામા નો આવે. એમાં તો માઇક સામે બોલાણું હોય એ જ આવે. માઇકની બહાર તો બંદૂક ફૂટે તો જ આવે.'

'તયેં તો જોવી પડશે એક વાર મારે ઈ બલાને!'

ઠકરાણાં ભલે ઇચ્છા કરે, પણ આવે-બાવે નહીં, કારણ કે એમણે જાણ્યું કે આ બબાલ કરનારી બાઈ સાવ બુઢ્ઢી છે. મતલબ કે ભાયડાવ માટે તો 'નિર્ધૂમ ચૂલો' છે. નંબર બે, કે આપણા ધણી સાથે એને કાંઈક વેર છે, પ્રેમ નથી. ત્રીજું, ઠાકોરના કહેવા મુજબ આમ પાછું કોઈ એ ઉલળેલને ગણકારતું નથી. ઠાકોર નેતા થયા. બે વાર પ્રધાન થયા. લશ્કરમાં હતા અને વળી પાકિસ્તાન મોરચે હતા, ત્યારે દુઃશ્મનોનાં ઢીમ ઢાળી દેવા માટે પંકાયેલા. ને ભય નહીં રાખવાનું સૌથી મોટું કારણ ઠકરાણાં જ જાણે કે બાપુ

ભીતરથી ખખડી ગયા છે એ નક્કી છે. એમની જુવાનીનાં ઉફાન હવે પાછાં આવે એમ નથી. આપણે બીકનું હવે કોઈ કારણ નથી. છોકરાની છોકરીના હમણાં ગોળધાણા ખાધા. મોટી દીકરીનાં ભાણીબાને રમાડી છીએ. આ ધોળા વાળને અંબોડલે વળી એમના ભાષણમાં આપણે ક્યાં કુચ્ચે મળવું? અગાઉ મોરચે મશીનગન છોડતા'તા હવે ભાષણોમાં બઘદાટી બોલાવતા હશે. મારે મન તો બંને ધંધા રોટલાપાણી માટે પ્રભુએ નિર્મ્યા છે. જો આપણે ક્યારેય પાકિસ્તાનના મોરચે ભેળા જવાની રાણીહઠ ના કરી તો આ મોરચે પણ શું કામ જાવું?

'ના, ના, પણ ઠકરાણાં...' જુવાનસિંહ લશ્કરી બોલ્યા, 'એક દાણ આવો ને પેલી માથા ફરેલને પોગો. મારા ભાષણમાં પોલીસ બંદોબસ્ત હોય છે, પણ મહિલા પોલીસ મંઈ નથી હોતી. એમાં એવડી એ ફાટીને ધુમાડે ગઈ છે. હરેક ભાષણમાં હું લોકસેવાની, રક્ષણની, ગુંડાગીરી દાબી હોવાની વાત ઉચ્ચારું કે વચ્ચે ઊભી થઈને બરાડે 'જોયા જોયા હવે...' આનો અર્થ શું? તમે જ કાં'ક ઉપાય કરો. બાઈ બાઈને પોગે. જણનું કામ નહીં. એને બોલતી ટાળી ઘો હાઉં!'

બપોરે ઠકરાણાં પડોશણ પાસે ગયાં. 'હરેક બાયુંબેનુંની વાત નથી, પણ જો ધણી ખુદ માઇકમાંથી બોલવાનો હોય ને મૂળ એનું જ થાપન હોય ત્યારે એની ધણિયાણી શું પહેરે તો માભો પડે?'

જોકે એ બધું કાંઈ કામમાં ના આવ્યું, કારણ કે જુવાનસિંહ લશ્કરીની સૂચના હતી કે તમારે મારી સાથે મંચ ઉપર બેસવાનું નથી, ત્યાં તો આપણા તાલુકા પંચાયતનાં અભણ મહિલા પ્રમુખ મારી બાજુની ખુરશીમાં બિરાજશે. એમનો ઘરવાળો કે જે ખરેખરમાં પંચાયતનો કારભાર ચલવે છે તે વી.આઇ. પી. હરોળમાં ઑડિયન્સમાં બેસશે. તમારે એ રોંચાની બાજુની ખુરશીમાં (જરા સંકોડાઈને) બેસવાનું. પેલી બુંધિયાળ ડોસી કાયમ કાંઈક બોલવા ઊભી થાય એટલે તમારે ખુરશી હટાવીને ન્યાં કણે ધસી જવાનું. એનું કાંડું પકડીને મરડી (તો સાવ ના નાખવું પણ એના જેવું કરી) લેવું ને પછી એને તમારી રીતે હાથ ખેંચીને બહાર લઈ જવી. ઠોંટબુંસટ ના કરતાં પણ સાવ ભાઈબાપાય ના કરતાં ને હા, નામ-ઠામ પૂછી લેજો.'

'ભાઈસા'બ!' ઠકરાણાંને કપાળે ચાંદલા લગી અસર કરે તેવે કરચલીઓ પડી. 'મને આવું એકતાડીની સિરિયલું જેવું કાં શીખવો?'

'અરે! એવું કરી બતાવો કે એકતા કપૂર ખુદ તમારામાંથી બે'ક શીખે.'

અરે! જિંદગી તે કાંઈ બાલાજી ફિલ્મ્સનું પ્રોડ્‌ક્શન થોડી જ છે કે એમ નિરકુંશ ચાલે!

ના જ ચાલી. જુવાનસિંહ લશ્કરીએ છ કિલોનો હાર ગળામાંથી ઉતારીને બાજુમાં મૂક્યો. ઉપર મૂકેલી ડિશ હટાવીને અડધો ગ્લાસ પાણી ઘટકાવ્યું. કાકડા મૂછ ઉપર આંગળી ફેરવી. મતલબ? માઇક પાસે હું નહીં આવું. માઇકને અહીં લઈ આવો. કહેવાનું આ રીતે પણ કહેવાય.

આવ્યું. જુવાનસિંહના શબ્દો પહેલાં એમનો ઘોઘરો અસર પાડી દેતો. ઘડીભર તો એમ થાય કે માઇક મિથ્યા છે, છતાં મુકાયું જ છે એટલે વપરાય છે. અવાજમાં ગોરંભાયો હતો ને ગર્જના પણ...

'અમે, આપ સૌ જાણો છો તેમ અસલમાં પંજાબના, પણ ગુજરાતમાં છ પેઢીથી વસીએ એટલે ગુજરાતને ગળે લગાડ્યું છે, પણ પંજાબની આનબાન અને શાન અમને ગળથૂથીમાં મળી છે. મારા વહાલા સ્વજનો, દેશની રક્ષા માટે અમારા વડવાઓએ જાનફિશાની કરી અને એ પરંપરા છેક અમારી પેઢી સુધી ચાલી આવી છે. કાશ્મીર મોરચે અમારા વડીલ બંધુ જેવા મંદારસિંહ મારી સાથે હતા. એ જ વડીલ બંધુ પાકિસ્તાન મોરચે પણ ખભેખભા મિલાવી મારી સાથે રહ્યા હતા, પણ કમનસીબે એ વીરગતિને પામ્યા, પણ એ મોરચાના મહાસંગ્રામની વાત કરવા હું અહીં નથી આવ્યો. મારે આપણા અંદરના મોરચાની વાત કરવાની છે. શાસક પક્ષે આપેલાં વચનો જૂઠાં સાબિત થયાં છે. ચોરી, લૂંટફાટ, બળાત્કાર, નારી પર અત્યાચારોના બનાવોએ માઝા મૂકી છે ત્યારે મને લોકનેતા તરીકે મારી ફરજો યાદ આવે છે. સૈનિક નિવૃત્તિ પછી કાયમ સૈનિક જ રહે છે અને એ મુજબ હું આપ સૌને વચન આપવા માગું છું કે હું સત્તા ઉપર હોઉં કે ના હોઉં, મને આપ જનતાજનાર્દન ચૂંટો કે ના ચૂંટો, હું આપ સૌના સંરક્ષણ માટે, કલ્યાણ માટે, સામાજિક ન્યાય માટે, જાનની બાજી લગાવતાં પણ અચકાઈશ નહીં.'

ત્યાં તો તાળીઓના ગડગડાટ વચ્ચે એક સ્ત્રીસ્વર જોરથી બરાડ્યો : 'જોયો જોયો હવે મોટો રક્ષણ કરનારો... હું કહું છું કે...'

નવું નહોતું. લશ્કરીજીની હરેક સભામાં આ ડોસી આમ જ ન્યૂસન્સ કરતી હતી. એ જાણનારા જાણે પણ આ વખતે નવતર થયું. એ જાણનારાઓએ કલ્પ્યું ન મળે.

ડોસી અચાનક બોલતાં અટકી. એનું ધ્યાન ખુરશીમાં આકળવિકળ થતાં ઠકરાણાં પર પડ્યું. ઠકરાણાં તો ડોસી પાસે હજી પોગતાં પોગે પણ ડોસી ખુદ જ રાડારાડી પડતાં મૂકીને સીધાં જ એની પાસે દોડવાની ઝડપે પહોંચી ગયાં અને ઠકરાણાંનું કાંડું પકડીને બહાર ખેંચી ગયાં.

પણ ઘેર જઈને બાપુએ ઠકરાણાંને જાણે કે રિમાન્ડ પર લેવાનો આદર કર્યો,

'હું જ્યારે સ્ટેજ ઉપરથી બળૂકી બળૂકી વાતો કરતો હોઉં, ને મારી નજર સામે કોઈ ખખડેલ ડોસી મારાં જ ઠકરાણાંને કાંડું પકડીને બહાર ખેંચી જાય! તમારાથી વિરોધ ના કરાય ઠકરાણાં? શું થઈ ગયું'તું તમને?'

ઠકરાણાં માથે હાથ દઈને બેઠાં હતાં તે પાંપણ જરી ઊંચી કરી ને ખિજાળ નજરે લશ્કરી સામે જોયું. 'અરે! ડોસી તમનેય પછાડી દે એવી લોંઠકી હતી. જાણો છો કોણ હતી?'

'કોણ હતી?'

ઠકરાણાંએ બાપુ સામે નજર તાકીને પાછું પૂછ્યું, 'જાણો છો?'

'અરે! ગમે ઈ હોયને!' જુવાનસિંહ ઘુરઘુરાટી જેવું બોલ્યા : 'એ બાઈમાણસ ના હોય તો તો હું ત્યાં ને ત્યાં જ એને ભોંમાં ભંડારી ના દઉં?.'

'ભંડાર્યાં ભંડાર્યાં હવે...' ઠકરાણાંને જાણે કે પેલી ડોસી ઓતારમાં આવી. અવાજ પહેલી વાર ધણી સામે ઊંચો થયો, 'ઇવડી ઈ મંદારસિંહની સગ્ગી મા મૂઈ હતી. મોરચે તમે એના છોકરા મંદારસિંહને આગળ ધકેલી પાછા ઊભી પૂંછડીએ ભાગી છૂટ્યા હતા. એ સંધીય વાત મંદારસિંહે સૈનિક હૉસ્પિટલમાંથી મરતાં પહેલાં કાગળ લખીને આ ડોસીને જણાવી હતી અને એ કાગળ મંદારસિંહની ધણિયાણી પાસેથી તમે આંચકી ગયા હતા. એ વખતે આ ડોસી હાજર હોત તો તમારી દેન છે કે... અરે! તમને ધૂળ ચાટતા કરી દે... કહેતી'તી કે બાઈ, તારા ધણી જેવો કાયર અને ડરપોક દગલબાજ...'

'હાંઉ કરો.' લશ્કરી બરાડ્યા, પણ એમના હાથે એમનો ઑર્ડર ના માન્યો. હર વખતે જાય એમ મૂછના કાકડા ઉપર આ વખતે ધરાર ધરાર ના ગયા. કાનમાં વારેઘડીએ ગાજતું હતું, 'ગયા ગયા હવે!'

■

# એક પૂંછડાનો ફેર!

'એય ઊભો રહે. અમને મળ્યા વગર આમ ક્યાં હાલ્યો?' માથે બોજો હતો. છતાંય રણછોડે એક હાથ છૂટો કરીને સિપાઈને સલામ ફેંકી હતી. રોજરોજ તો આટલો વિવેક કાફી હતો. સિપાઈની બગલમાં દંડો એ આ સલામનો સ્વામી હતો. દંડો આથી વિશેષ કશું ન માગતો, પણ આજે આ દંડાના પણ સ્વામી એવા સિપાઈએ ટપાર્યો. 'અમને મળ્યા વગર એમ બારોબાર ક્યાં જાય છ?'

રણછોડ ઊભો રહ્યો. સિપાઈ નજીક આવશે એમ ધાર્યું, પણ સિપાઈ નજીક શા માટે આવે? એ તો પોતાની બૈરીની નજીક પણ ન જાય. બૈરીને નજીક આવવું હોય તો આવે. રણછોડ છેવટે વજનથી ડગમગતી ડોકે એની નજીક ગયો. બે દિવસની વધી ગયેલી દાઢી-મૂછ વચ્ચેથી ખસિયાણું હસ્યો, બોલ્યો : 'કો' સા'બ!'

'હવે સા'બની સગી! કાયદો થ્યો છ ઈ ખબર નથી!'

'શેનો કાયદો મા-બાપ!'

'આ તારા માથેની ગાંસડીમાં શું છે?'

'બીજું શું હોય મારા બાપ!' રણછોડ બોલ્યો : 'કાયમ ખાતે હોય છે ઈ જ. અરે! અમારી સાત પેઢીથી સૌના માથે હોય છે ઈ જ, રીંગણાં.'

ગાંસડીમાં દોઢ-બે મણ રીંગણાં તો ખરાં જ, એમાંથી એકનું ડીટિયું બહાર દેખાય એ સિપાઈએ ખેંચી કાઢ્યું. બોલ્યો : 'આ સામે ભીંતે લખ્યું છે એ દેખાતું નથી?'

'અરે! મને વાંચતાં આવડતું હોત તો તો શું જોતું'તું, સાહેબ?' પછી પૂછ્યું : 'શું છે?'

'કાયદો છે.' સિપાઈ બોલ્યો : 'આજથી કાયદો આવ્યો છે, જે કોઈ શાકભાજી આ ગામમાં વેચવાને માટે આવે એના ઉપર વીસ કિલે ચાર રૂપિયા વેરો લેવો.'

'વીસ કિલે ચાર રૂપિયા?' રણછોડથી જીભ બહાર કઢાઈ ગઈ. 'એટલું તો આમાં હાંસલ નથી બાપા.'

ત્યાં સુધીમાં સિપાઈએ પહોંચબુક બહાર કાઢી હતી. ઠોઠિયા પેન પણ બહાર કાઢીને છંટકોરવા માંડી હતી. છંટકોરતાં બોલ્યો : 'હાંસલ ના હોય તો તારે ઘરાક પાસેથી ખંખેરી લેવા. કિલે વીસ પૈસા વધારે લેવા.'

વાત ઠીક હતી. રણછોડે વેરાના રૂપિયા આપી દીધા. વધારાની એક સલામ પણ કરી અને બજારમાં જઈને બેઠો. રીંગણાં રોજ ચાર રૂપિયે કિલો વેચાતાં હતાં. આજે સવાચારે તોલ કરવાનો હતો, પણ પહેલો જ કાયમી ઘરાક આવ્યો અને સવાચાર સાંભળીને ભડક્યો. બાજુના ગલ્લે જઈને ચાર રૂપિયે તોળાવી આવ્યો ને વળી નમતે છાબડે! બીજે દહાડે રણછોડે ગામમાં આવતાંવેંત સિપાઈને ફરિયાદ કરી. 'સાહેબ, તમારો વેરો ભરતાં પડખેવાળા હડમતિયાએ ચાર રૂપિયે મારી નજર સામે વેંચ્યાં. મારા ઘરાક તોડ્યા.'

'હડમત સમજુ માણસ છે.' સિપાઈએ હાથમાંનો દંડો રમાડ્યો અને કહ્યું : 'તારી જેમ ચેંપલો નથી.'

'પણ કાયદો તો સૌને લાગુ પડેને?' રણછોડે અકળાઈને પૂછ્યું.

'એની ક્યાં ના છે!' સિપાઈ બોલ્યો 'પણ વેવારિક માણસ માટે કાયદો પાળેલા કૂતરા જેવો છે. પંપાળતાં આવડે એટલે હાંઉં!' પછી રણછોડ સામે ડોળા ચમકાવીને પૂછ્યું : 'સમજ્યો કાંઈ!' રણછોડ સમજ્યો. બે મણ રીંગણાંના વેરાના ચાર રૂપિયા થાય. એની સામે પહોંચ મળે ને પહોંચ તો કાગળની કટકી. રોટલાની જેમ એને ખાઈ શકાય નહીં. પહોંચની શી જરૂર? એ કરતાં તો...

બીજે દિવસે હડમતની જેમ એણેય સિપાઈને એક રૂપિયો 'બાળ્યો'. પહોંચ-બહોંચની લપ ના કરી. કાયદો પાળેલા કૂતરાની જેમ ઘુરઘુરાટી કરતો બે પગ વચ્ચે માથું નાખીને સૂઈ ગયો. રણછોડે શાકપીઠમાં જઈને ચાર રૂપિયે કિલો રીંગણ વેચ્યાં. એક રૂપિયો તો તોલમાં ઘાલમેલ કરીને કાઢી લીધો. જામોકામી કામ થયું. ઘરાક પાછા સંધાઈ ગયા.

■